

## સુપ્રભાતમ્

સરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચડાવી મેટ્રો સંજીવ ગુપ્તાએ કોર્ટને પાટે !*
*દોડાવશે બૂલેટ સંજીવ સિંહા વિના પાટે !*
*પડી રહેશે પ્લાન ચૂંટણી પછી સૂના સેડમાં -*
*આ અટપટા ખેલમાં પ્રજા ચઢે છે ચો-પાટે...*
*(વિના આયોજન ભૂમિપૂજન 'નોટબંધી' વાળી)*

### હાઈકુ

*દૂધપાકની,*
*નાખી બૂલેટ વાસ -!*
*દો આશીર્વાદ...*
*(શ્રાધ પક્ષે 'મત' અપેક્ષા)*

*આ બેકારોને -*
*પણ, પહોંચવું છે ક્યાં?*
*બૂલેટે બેસી!?*
*(ગતિની અવગતિ)*

### ચિંતન

*ભિક્ષુઃ વા ભૂપતિઃ વા અપિ દો નિષ્કામઃ સ શોભતે ।*
*ભાવેષુ ગલિતા યસ્ય શોભનાશોભન મતિઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવાયેલ છે.**

**ઋણ, શત્રુ અને રોગને સમૂળા નષ્ટ કરવા.**

**કરજ, દુશ્મન અને રોગને સંપૂર્ણપણે નામશેષ કરવા જોઈએ. થોડુંક બાકી રહેલું કરજ ધીરે ધીરે વધતું જાય અને એ રીતે રોગ પણ. એ બંનેનો બોજો જીવનને દુઃખી દુઃખી કરી નાખશે. શત્રુ બે પ્રકારના હોય છે. એક બાહ્ય અને બીજો આંતરિક. બાહ્ય શત્રુઓ ઓટલે હરીફો અને આંતરિક શત્રુ એટલે પાપકર્મો. એ બંનેને પણ માર્ગમાંથી હટાવી દેવા જોઈએ. નહિતર જીવનમાં તે આપત્તિઓ ના ઢેર કરી નાખે છે.**

### સુવિચાર

- શ્રીમંત હોવું ને અભિમાની ન હોવું એ સહેલું છે,
  ગરીબ હોવું મને બડબડાટ વિના રહેવું મુશ્કેલ છે - **કન્ફશિયસ**
- તમામ શબ્દો એ વિચારને ટાંગવાની ખીંટીઓ છે - **હેન્રી બિચેર**
- ચકલીના યૌવન કરતાં ગરુડની વૃદ્ધાવસ્થા સારી - **ચીની કહેવત**
- છલકાયા વિના સભર રહેવું એ ઐશ્વર્ય ને જાળવવાનો રસ્તો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એકલ ખાવું, એકલ જોવું, એકલ રમવું ઈશ !
  એકલ વાટે વિચરવું, કરમ ન કદી લખીશ - **રામનારાયણ પાઠક**
- ભવિષ્ય એ દર્પણ છે - એમાં કોઈ કાચ હોતો નથી - **સંત રોબિન**
- આજનું ઔષધ : નાળિયેરના છોડાંને બાળી તેની રાખમાં પાંચ ગ્રામ મધ મેળવી ચાટવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બંગાળના વિખ્યાત રાજનીતિ શાસ્ત્રી સુરેન્દ્રનગર બેનર્જી સ્વાતંત્ર્ય સંગ્રામાં સક્રિય હતા. એક દિવસ કલકત્તામાં વિશાળ રાજનીતિક સભા ભરાવવાની હતી. જે સભામાં તેઓ મુખ્ય વક્તા હતા.

સાંજે ચાર વાગે આયોજકો ચિંતામાં હતા કારણ કે એમને એમ કે બેનર્જી સાહેબ આ સભામાં આવશે જ નહીં કેમ કે તે જ દિવસે સવારે જ એમના પુત્રનું અવસાન થયું હતું, પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે સભા શરુ થવાના સમય પહેલા આવી પહોંચ્યા. એમના ચહેરા પર ન શોક કે ન ગ્લાની હતા, ન આંખોમાં કોઈ દર્દ હતું.

એમનો વારો આવતા જ એમણે અંગ્રેજ વિરુદ્ધ જોરદાર ભાષણ આપ્યું. સૌ હાજર મહાનુભાવોએ પણ જોયું કે બેનર્જી સાહેબને આશા-નિરાશા, સુખ-દુઃખ કે હર્ષશોકના દ્વંદ્વો કદાપી સતાવતા ન હતા. સભામાં સૌ એ આવા સ્થિતપ્રજ્ઞ બેનર્જી સાહેબને વંદન કરી જય જયકાય કર્યો.

# વાદા નિભાઓગે - સાયોનારા!

**તંત્રીસ્થાનેથી...**

ભારતના નવા વરાયેલા રાષ્ટ્રપતિ કે લોકપ્રિય વડાપ્રધાન જેમના નામનો ઉલ્લેખ ટાળતા રહે છે તે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને જાપાનના વડાપ્રધાને બહુ જ ભાવભીની અંજલી આપીને ખાનદાની કોને કહેવાય એનું દૃષ્ટાંત પેશ કર્યું છે. શિન્ઝો અબેના નાના જયારે ખુવાર થયેલા જાપાનના વડાપ્રધાન તરીકે ભારત આવેલા ત્યારે પંડિત નહેરુએ એમને ઉમળકા ભેર આવકારી જાપાનના નવસર્જન માટે પ્રોત્સાહિત કર્યા હતા. જાપાનના ભૂલકાં માટે ભેટ મોકલાવેલી હાથણીનું નામ પણ 'ઈંદિરા' રાખ્યું હતું. પંડિત નહેરુએ પોતાની લાડતી પુત્રી જાણે જાપાનને બક્ષિસમાં ન આપી દીધી હોય! આ બધા ઉપકાર જાપાન ભૂલ્યું નથી. એટલે એ ભારતની પ્રગતિમાં કે કસોટીકાળમાં એક સાચા મિત્ર તરીકે ભારતની સાથે રહેવા ઉત્સુક છે. અલબત્ત આ ઘટના મોદી શાસન દરમિયાન ઘટી રહી છે એટલે બે દેશો વચ્ચેના જોડાણ કે ભાગીદારીનું શ્રેય એમને મળે એ સમજી શકાય એમ છે. વળી આતંકવાદના મુદ્દે નામજોગ પાકિસ્તાનની ટીકા કરીને શિન્ઝો અબેએ ચીન-પાકિસ્તાન-ઉત્તર કોરિયા વિરુદ્ધ જાપાન-ભારત-અમેરિકાના બળૂકા જોડાણનો પણ સૂત્રપાત્ર કર્યો છે, જેથી ચીનને માઠું પણ લાગ્યું છે. પરંતુ જાપાન સાથેના મીઠા સંબંધોનાં મૂળ તો બોધિસત્ત્વના સમય જેટલાં ઊંડા છે અને યુગે યુગે જાપાન ભારતને ગુરુસ્થાને ગણી એનો આદર કરતું રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રીપદે હતા ત્યારે માધવસિંહ સોલંકી પણ જાપાનની મુલાકાતે ગયા હતા. ગાંધીનગર ખાતે જે વિશિષ્ટ સ્થાપત્ય ધરાવતું મુખ્યમંત્રીનું નિવાસસ્થાન છે એની ડિઝાઈન માધવસિંહભાઈ જાપાનથી લઈ આવ્યા હતા. 'લવ ઈન ટોકિયો' જેવી રોમાન્ટિક ફિલ્મમાં નાયિકા ગરવા ગુજરાતણ આશા પારેખ હતાં. 'લે ગઈ દિલ મેરા ગુડિયા જાપાન કી' કે 'સાયોનારા, સાયોનારા - વાદા નિભાઊંગી - સાયોનારા' જેવાં લોકજીભે ચડી ગયેલાં ગીતો હજી પણ એવાં ને એવાં તરોતાજા લાગે છે. આપણા પ્રસિદ્ધ રામાયણી સંત મોરારિ બાપુને જાપાનમાં ફરી ફરીને કથા કરવાનાં નિમંત્રણો મળતાં રહ્યાં છે. જાપાનના સમ્રાટ ઓકી હીતો તદ્દન સાદાઈથી રહે છે. પોતાને સમ્રાટ તરીકે મળનારી સુવિધાઓ અને સમ્રાટનો હોદ્દો સુદ્ધાં છોડી 'કોમનમેન' તરીકે જીવવા માગતા આ મહાન રાજવીને સન્માનવા તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ પણ પ્રસ્થાપિત પ્રોટોકોલ તોડી રૂબરૂ ઍરપોર્ટ પર પહોંચી ગયા હતા. વડાપ્રધાન મોદીએ એ પરંપરા જાળવીને વડાપ્રધાન શિન્ઝો અબેને ભરપૂર સાચવ્યા છે. બદલામાં જાપાન પાસેથી ભારતને બીજા કોઈ દેશ પાસેથી નહીં મળી હોય એવી નજીવા દરની અબજો રૂપિયાની લોન મળી છે. બુલેટ ટ્રેનનું સપનું માધવસિંહને પણ આવ્યું હતું, પણ ત્યારે તેઓ ફક્ત ગુજરાતના મુખ્યમંત્રી જ હતા. એથી 'ગુજરાતને મારે જાપાન બનાવવું છે.' એટલું કહીને અટકી ગયા હતા. મોદીને એ બધા પૂર્વસૂરિઓની અધૂરી ઈચ્છાઓ પૂરી કરવાનો લ્હાવો સાંપડ્યો હોય ત્યારે એમણે કોંગ્રેસ સામેના કટાક્ષ બાણોને બદલે બે સારા શબ્દો બોલી ભારતીય સંસ્કારો ઉજાગર કરવા જોઈએ. ચીનની દાદાગીરી સામે જાપાન સાથેનું ભારતનું કૂટનીતિક જોડાણ શિન્ઝો અબેના પ્રવચનમાં વ્યક્ત થયેલ 'જય'ની આલબેલ બની રહે એવી અપેક્ષા સાથે અબે દંપતીને સાયોનારા!

# આશ્રમ તો ગાંધીના ય હતા પણ મહિલા શોષણ ગેરહાજર રહેતુ

**મહિલાઓ ગાંધીજીને પુરુષ નહીં સ્ત્રી જ જાણતી હતી!**

ભારતીય સમાજની ઓળખ જુદી જુદી રીતે અપાય છે. ભારતીય સમાજ બહુત્વવાદી છે, વિવિધતામાં એકતા છે, જ્ઞાતિવાદી સમાજરચના છે વગેરે વગેરે, પણ ગાંધીજીએ તો ભારતીય સમાજને સંકુચિત અને સંકીર્ણતા સભર પણ જોયો હતો અને એ બદલવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા હતા. ભારતીય સમાજ એક તરફ સ્ત્રીના સન્માનની વાત કરે દેવી સ્વરુપ ગણીને તેને પૂજે પણ ખરા અને બીજી તરફ દરેક પરિવારમાં સ્ત્રીનું સ્થાન નીચું હોય પછી એ સમાજ ઉચ્ચ જ્ઞાતિ કે ઉચ્ચ વર્ગનો હોય કે ઉચ્ચ વર્ગની વાત હોય. ગાંધીની સ્ત્રી દાક્ષિણ્યની વાત તો સર્વોચ્ચ છે જ સાથોસાથ એ પણ નોંધનીય છે કે ગાંધીજીએ સ્ત્રી જીવનની સમસ્યાઓને જાણે તેઓ પુરુષ નહીં પણ એક સ્ત્રી હોય તેમ વાચા આપી છે. ખુદ ગાંધીજીએ પણ આ વાત લખી છે.

ગાંધીએ લખ્યું છે 'હું લાખો સ્ત્રીઓના પરિચયમાં આવ્યો છું. એ મને કહે છે કે અમે તમને પુરુષ નહીં પણ સ્ત્રી જ જાણીએ છીએ. મને ભાસે છે કે આ ખરી વાત છે. દક્ષિણ આફ્રિકામાં દરિદ્રનારાયણને ચરણે મેં સર્વસ્થ સમર્પ્યું ત્યારથી મેં જોયું કે, સ્ત્રીઓની સેવા વિના દરિદ્રનારાયણની સેવા ન થઈ શકે. મહાત્મા પોતાની જાતને અપૂર્ણ ગણાવે છે અને તેમ છતાં એક વસ્તુ મને સુસાધ્ય રહી છે. તે એ કે મારી પાસે હજારો સ્ત્રીઓ સુરક્ષિત રહી છે. અસંખ્ય સ્ત્રીઓ મારો વિશ્વાસ સહેજે કરે છે તેનું કારણ મારો પ્રેમ અને આદર છે.'

જેની આગેવાની હેઠળ અહિંસક સ્વાતંત્ર્ય આંદોલન ચાલતું હતું એવા મહાત્મા ગાંધીના વિચારો અને કાર્યોની કેવી અસર પડતી હતી એનું ઉદાહરણ છે. લાખો અનુયાયીઓ આઝાદીના જંગમાં જોડાયા હતા. જેમાં સ્ત્રીઓ અને પુરુષો હતા તેમ છતાં કયાંક કશી કોઈ ફરિયાદ જોવા કે સાંભળવા મળી નથી. ગાંધી વિચાર સ્તરે આપણે જોઈએ ત્યારે આ બાબત પણ આપણે ચકાસવી રહી. આજકાલ અને ભૂતકાળમાં પણ ભગવા અંચળા ઓઢીને સ્ત્રીના શોષણ કરનારા 'બાપુઓ'ની સામે ગાંધી બાપુને એક આદર્શ તરીકે જોવા જેવા હતા. મીઠાનો ના કર સત્યાગ્રહ હોય કે અસહકારની લડત હોય ખાદીના પ્રચારની વાત હોય કે નઈ તાલીમની વાત હોય ગાંધીજીના દરેક કાર્યોમાં મહિલા કાર્યકર્તાઓની સંખ્યા ખાસી એવી હતી છતાં પણ મહિલાની છેડતીની વાત તો નહીં જ પણ ઠઠ્ઠા, મશ્કરી કે જેમાં મહિલાના હૃદયને ઠેસ પહોંચે એવી વાત પણ થતી ન હતી. ગાંધીના સમાનતાના વિચારો માત્ર મોઢેથી વ્યક્ત થતા ન હતા કે હરિજનબંધુ કે નવજીવનમાં છપાતાં જ ન હતા. પરંતુ પોતાના વિચારો અને વાત જીવનમાં પણ જીવાતા જોવા મળતાં હતા, હું સામાન્ય કોટિના માણસ કરતાં ચઢિયાતો છું એવો મારો દવો નથી. એમ ગાંધી હંમેશા કહેતાં હતા. સાથે સાથે એમ પણ કહેતા કે સામાન્ય માણસમાં હોય એનાથીયે ઓછી શક્તિ મારામાં છે. પણ આવો દાવો કરનારા મહાત્મા ગાંધીએ સમગ્ર હિન્દુસ્તાનની સ્ત્રીઓને ઘરની ચાર દિવાલોમાંથી બહાર લાવવાનું જ કામ કર્યું ન હતું. પરંતુ જાહેર જીવનના વિવિધ કાર્યોમાં તેમને પુરુષની જેમ જ જોડયા હતા. અને સ્ત્રી-પુરુષની સહિયારી લડાઈ તેમણે સ્વાતંત્ર્ય આંદોલનમાં ખીલવી હતી.



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ બહેનોનો મોટામાં મોટો દોષ પણ બતાવ્યો છે. ગાંધીજીએ કહ્યું છે કે બહેનોમાં પોતાના વિચારો આખા જગતથી છુપાવવાનો બહુ મોટો દોષ છે. તેથી તેમનામાં દંભ આવી જાય છે. દંભના જેવી ઝેરી વસ્તુ કોઈ નથી અને તેમાં પણ હિંદુસ્તાનની મધ્યમ વર્ગની સ્ત્રી જે સદાય દબાયેલી રહે છે તેનામાં દંભ આવે છે તે તો તેને કાનખજૂરોની માફક કોરી ખાય છે. ડગલને પગલે પોતાને ન ગમતું કરવું પડે છે કે એ કરે છે. જો સ્ત્રીઓ જરાક સમજી લે કે આ જગતમાં કોઈથી દબાવાનું કારણ તેને નથી, આખા જગતની પાસે હિંમતપૂર્વક ઉભી રહેવાને તૈયાર થાય તો જ સ્ત્રીજીવનના તમામ પ્રશ્નોને પહોંચી વળશે એવી લાગણી તેમણે દર્શાવી હતી.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# સ્મરણમાં સચવાઈ રહે તેવું તેજોમય જીવન : મસ્ત કવિ

શોભના સાથે લગ્ન કર્યા બાદ રાજવી કવિ કલાપી હવા ખવાના સ્થળે ફરવા ગયેલા. શોભનાને 'ઉત્તરરામચરિત' તથા 'અભિજ્ઞાનશાકુંતલ' જેવા ગ્રંથોનો પરિચય-અભ્યાસ થાય તેવા હેતુથી રાજવીએ આ કાર્ય કરવા માટે મસ્તકવિ (ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદી) ને વિનંતી કરી હતી. કવિ પોતાની મોજના માલિક હતા. બંધનોમાં બંધાવાનું મસ્તકવિને ફાવે તેમ ન હતું. રાજવી તરફની મીત્રતાને કારણે પ્રવાસમાં જોડાવાનું તેમજ શોભનાને જ્ઞાન આપવાનું કામ તેમણે સ્વીકાર્યું હતું.

આ પ્રવાસ દરમિયાનનો એક પ્રસંગ નોંધાયો છે જે ફરી ફરી યાદ આવે તેવો છે. પ્રવાસ દરમિયાન એક દિવસ કવિ પોતાની મસ્તીમાં આરામખુરશીમાં બેઠા હતા. આ સમયે શોભના હાથમાં ઉત્તરરામચરિત લઈને અભ્યાસ કરવા આવ્યા. મસ્તકવિએ બીડેલી આંખો ઉઘાડી ત્યારે શોભનાએ સહસાજ પૂછ્યું: ''ગુરુજી '' હું કેવી લાગું છું ?'' આ પ્રશ્ન સાંભળતા જ ગુરુનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો. થપ્પડ મારી દેવા હાથ ઉગામ્યા અને તાડૂકીને કહેઃ ''કહું કેવી લાગે છે ?'' શોભનાને ધ્રાસકો પડ્યો. કવિએ એટલામાં જ ગુસ્સા સાથે બૂમ પાડીઃ '' ઠાકોર !'' કલાપી સ્નાન કરતા હતા ત્યાં જ કવિના અવાજમાં રહેતા ભાવેને પારખીને સત્વરે હાજર થયા. રાજવી આવ્યા એટલે કવિ કહેઃ ''હું જાઉં છું.'' રાજવીએ આશ્ચર્ય સાથે પૂછ્યું: ''કેમ?'' કવિ તરત જ કહે છેઃ ''તમારી આ સ્ત્રીને પૂછો. હું એનો ગુરુ છું. મોટેરો છું. મને પૂછે છેઃ '' કેવી લાગું છું? '' મારે તેને ભણાવવી નથી. તમારી સાથે રહેવું પણ નથી.'' પોતાનો થેલો ખભે લગાડીને તરત જ કવિ ચાલતા થયા. કલાપીએ રોકવા માટે પ્રયાસ કર્યા. વિનંતી કરી. પરંતુ માને તો મસ્ત કવિ શેના? વહેતા વાયરાને કયાં કોઈ રોકી શકે છે ? સરીતાના વહી જતા પ્રવાહને કોણ ખાળી શકે ? પોતાની રીતે જીવવા માટે કવિ સ્વમાનના શ્વાસ લેતા હતા અને જીવતા હતા. નાની સરખી પણ અણગમતી વાત સાખી લેવાનો મસ્તકવિનો મીજાજ ન હતો. સવલત કે નાના-મોટા સ્વાર્થ સંતોષવા માટે સંબંધ જાળવવાનું આ કવિના લોહીમાં ન હતું. કવિ મહુવા (જી. ભાવનગર) પહોંચ્યા. શાણા મિત્ર અને રાજવી કલાપીએ રૂપિયા પચીસનું મનીઓર્ડર કર્યું અને એક પત્ર લખ્યો. પત્રના દરેક શબ્દમાં રાજવીની ગરવાઈ ટપકતી હતીઃ

''તમે મારી વિનંતીથી મારા કામે સાથે આવેલા. આથી આપનો જવા- આવવાનો ખર્ચ મારે ભોગવવો જોઈએ. ગુરુજીએ (શાસ્ત્રી પ્રભુલાલ મહારાજ) એક શ્લોક સમજાવ્યો છે. તેમાં કહેલું છે કે એક મિત્રે બીજા મિત્રને સન્માર્ગે દોરવો જોઈએ. ખોટું કામ થતું હોય તો બચાવવો જોઈએ. મિત્રને છોડી ન દેવો જોઈએ. તમે તો શોભનાની ભૂલ જોઈને નાસી ગયા ! એવું ન હોય. ભલા થઈ આ મની ઓર્ડરનો સ્વીકાર કરશો. ઉપરાંત તમને સંતોષ થાય તેવા અમને બન્નેને (કલાપી તથા શોભના) બનાવવા માટે અમારી સાથે રહેવું જોઈએ.. તમારી પ્રતિક્ષા કરું છું..'' એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે કવિ લાઠી જઈને મિત્ર રાજવીને સ્નેહપૂર્વક ભેટી પડ્યા! બન્નેનો સ્નેહ સંબંધ આજીવન રહેલો હતો.

શાસક કે ધનપતીની કૃત્રિમ પ્રશંસા કરતા ઘણાં કિસ્સા આપણે જોયા હશે. આજે પણ આવી બાબતની અનુભૂતિ થયા કરે છે. પરંતુ આપણો ઈતિહાસ ઉપર જણાવ્યું છે તેવા કેટલાક તેજપુંજ સમાન ભૂદેવ, ચારણ-કવિઓ તેમજ કલાકારોથી પણ ગૌરવાન્વીત થયેલો છે. સત્યને પણ ધારદાર રીતે કહેવાનો આ અનોખો અંદાઝ હતો. ટૂંકા સ્વાર્થની તેમાં લેશમાત્ર પરવા ન હતી. નુકશાન સહન કરવાના ભોગે પણ સત્ય સંભળાવવાની તેમાં શકિત હતી. આવી 'વિકર્ણ વૃત્તિ' આથમી ગઈ નથી તેમ કોઈ કોઈ પ્રસંગ જોતાં હજુ પણ અનુભવી શકાય છે. આવી શકિત જ સમાજને સન્માર્ગે દોરવામાં ઉપયોગી થાય છે. મસ્ત કવિ એ આવી ઉજળી વૃત્તિના માલિક હતા. સત્ય સંભળાવીને જેઓ આ ધરતી પરથી વિદાય થયા છે તેમને જગત કદી ભૂલી જતું નથી. માનવીય ગૌરવની અનુભૂતિ આવા મરજીવાઓના જીવન પ્રસંગો થકી થતી રહે છે.



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

મસ્ત કવિના જીવનના આવા પ્રસંગો આપણાં સુધી સર્જક મુકુન્દરાય પારામર્શ થકી પહોંચ્યા છે. આવી ધારદાર તથા વિસ્મિત કરે તેવી સત્યકથાઓ લખીને મુકુન્દરાય આપણાં પર રુણ ચડાવી ગયા છે. કવિનો જન્મ ૨૩ સપ્ટેંબર ૧૮૬૫ ના રોજ થયો હતો. આથી સપ્ટેંબરમાં કવિની સ્મૃતિ વિશેષ થાય તે સ્વાભાવિક છે.

કલાપીએ ભાવનગર મહારાજા ભાવસિંહજીને લખેલું કે મસ્તકવિના મિત્ર હોવું એ પણ ગૌરવની વાત છે. લાઠીના આ રાજવી કવિની કેવી શુભદ્રષ્ટિ હશે ? મસ્તકવિને સૌથી મોટો આઘાત કલાપી તથા કવિ કાન્તની વિદાયનો હતો. મહાકવિ નાનાલાલે લખ્યું છે કે કલાપીની ચિર વિદાયથી આ કેશરી (મસ્તકવિ) નું કાળજુ વિંધાયું હતું. કવિના ભાઈ હરગોવિંદ પ્રેમશંકર પણ એક સમર્થ કવિ હતા. મહારાજા ભાવસિંહજીના નિધન પછી ભાવનગર રાજ્યનું પેન્શન કવિને મળતું હતું. તે બંધ થયેલું સર પટ્ટણીના આદેશથી પેન્શન કવિશ્રીને ફરી મળતું થયું હતું. પટ્ટણી સાહેબ પણ હીરા પારખું ઝવેરી સમાન હતા તેથી આ શક્ય બની શકેલું.

રાજકોટ ઠાકોર લાખાજી રાજના નિમંત્રણથી કવિ રાજકોટ ગયાં. રાજકોટમાં જ હદયરોગના ભારે હુમલાથી છેલ્લાં શ્વાસ લીધાં. કવિ જેવું ઉજળું જીવન જીવ્યા તેવા જ ઉજળાં મોતને વર્યા. સામાન્ય રીતે આજના સંજોગો તથા બદલાતા સંદર્ભોમાં મસ્તકવિ જેવું જીવન જીવનાર લોકો ઓછા હોય તેમ બને પરંતુ ધરતી એ 'બહુરત્ના વસુંધરા' હોવાથી આવા ભાગ્યે જ જોવા મળતા અસ્તિત્વ નામશેષ થતા નથી. કુદરત પણ આવા વ્યક્તિઓ મારફત જ પોતાની ભવ્યતા અને વિશાળતાના દર્શન કરાવે છે.

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ખ્યાતનામ કવિઓની મહેફિલ યોજાઈ

ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીના સહયોગથી અને ગાંધીનગર સાહિત્યસભાના ખાસ આમંત્રણથી પધારે બાર પ્રખ્યાત કવિઓની એક સાહિત્ય મહેફિલ તા. ૧૦-૯-૨૦૧૭ના રોજ, સેકટર-૭ની મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે, ગાંધીનગર સાહિત્યસભાના 'શબ્દ અવસર' અંતર્ગત પ્રમુખ નટવર હેડાઉના વડપણ હેઠળ યોજાઈ ગઈ હતી. આ અવસરે રાજકોટની સાહિત્યકાર સારસબેલડી દીપક ત્રિવેદી અને હર્ષિદા ત્રિવેદીના કાવ્યસંગ્રહો 'ધત તેરે કી' અને 'ઝાકળની હેલી'નું વિમોચને અને લોકાર્પણ કવિ ભાગ્યેશ જહા અને સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ અને પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલા ચૌધરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગાંધીનગરના કવિ ભાગ્યેશ જહા, કિશોર જીકાદરા, રમેશ ઠક્કર, ડૉ. મુકેશ જોષી અને અમદાવાદના અનિલ ચાવડા, ભાવિન ગોપાણી, તેજસ દવે, ભાવેશ ભટ્ટ અને શૈલેષ પંડ્યા, રાજકોટના કવિ દીપક ત્રિવેદી, હર્ષિદા ત્રિવેદી અને પારસ હેમાણીએ એક એકથી ચડિયાતી રચનાઓ રજૂ કરી સર્વેનાં મન હરી લીધાં હતા. આ સમગ્ર કાર્યક્રમનું સુપેરે અને રસાળ સંચાલન ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી કલ્પેશ પટેલે કહ્યું હતું.

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, ગુજરાત અને કનુ અસામલીકર ફાઉન્ડેશન ખેડાના સંયુક્ત ઉપક્રમે ત્રણ ગ્રંથ લોકાર્પણ અને ૩૦ દલિત કવિઓના સંમેલનનો સાહિત્યિક અવસર તા. ૧૦-૯-૨૦૧૭ના રોજ 'અક્ષયા' પટેલ વાડી પાસે, ખેડા-મહેમદાવાદ, ખેડા ખાતે ઊજવાઈ ગયો. આ એક દિવસીય અવસર ટાણે, પ્રથમ ઉદ્ઘાટન અને ગ્રંથ લોકાર્પણ બેઠકના અધ્યક્ષ ભી.ન. વણકર (દલિત સાહિત્યકાર) હતા. સૌ પ્રથમ ડૉ. બાબાસાહેબના ફોટાને મંચસ્થ મહાનુભાવો સર્વ ભી.ન. વણકર, ડૉ. મોહન પરમાર, પ્રો. યશવંત વાઘેલા, દાન વાઘેલા, ડૉ. રાઘવજી માધડ, કનુ અસામલીકરે વગેરે ફૂલહાર કરી સન્માન્યા હતા.

મૂળજીભાઈ પરમાર એ સ્વલિખિત ડૉ. બાબાસાહેબની સ્તુતિ વંદના કરી હતી, જયારે મહેમાનો અને હાજર સર્વેનું સ્વાગત પ્રતિષ્ઠાનના પ્રમુક અને કેન્દ્રિય સાહિત્ય અકાદમી, દિલ્હીનો ગૌરવવંતો એવોર્ડ મેળવનાર, ડૉ. મોહન પરમારે તેઓની હેત નીતરતી આગવી અને અનોખી શૈલીમાં કરીને, મહેમાનોના વિરલ વ્યક્તિત્વનો પરિચય આપ્યો હતો. પ્રતિષ્ઠાનના મંત્રી મૂળજીભાઈ પરમાર, ડૉ. મોહન પરમારનો પરિચય આપી, ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, ગુજરાતની ઓળખ સાથે, તેનાં સિદ્ધ કરેલ સોપાનો અને પ્રતિષ્ઠાન દ્વારા બહાર પાડવામાં આવેલ બાર (૧૨) જેટલા પુસ્તકોનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ મંચસ્થ મહેમાનોનું કનુભાઈ અસામલીકર, ગીરીશભાઈ, અબ્દુલભાઈ, શ્રદ્ધાબેન, અનિરુદ્ધ, કનુભાઈ દ્વારા પરિમલસભર, પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ પૂર્વ ધારાસભ્ય રાકેશ રાવ તથા ખેડાનગર પાલિકાના પૂર્વ પ્રમુખ ગોવિંદભાઈ મકવાણાનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડૉ. મોહન પરમાર સંપાદિત 'દલિત કાવ્ય સૃષ્ટિ' નું વિમોચન અને વિવેચન પ્રો. યશવંત વાઘેલા દ્વારા, ભી. ન. વણકર, નિલૈશ કાથડ અને મનોજ પરમાર સંપાદિત પુસ્તક 'નિસ્બત-૨૦૧૬ - દલિત કવિતા અને કવિની 'કૅફિયત'નું વિમોચન અને વિવેચન દાન વાઘેલા દ્વારા અને ધરમસિંહ પરમાર અને ગુણવંત મેરૈયા સંપાદિત 'વણઉકેલી વેદના' પુસ્તકનું વિમોચન અને વિવેચન ડૉ. રાઘવજી માધડ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ ધા.સ. રાકેશ રાવે, દલિતોની હાલની બેહાલ સ્થિતિ વિશે જણાવી અચંબા સાથે દુઃખ વ્યક્ત કર્યું હતું.



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

ત્યારબાદ પ્રો. મહેશ જાદવ કનુ અસામલીકરની વાર્તા 'ખીલો', દશરથ પરમારની વાર્તા 'અસ્વીકાર', ધર્માભાઈ શ્રીમાળીની વાર્તા 'પ્રવેશદ્વાર' અને રમણ નડિયાદીની વાર્તા 'ફડફડાટ'નો વાર્તા આસ્વાદ રજૂ કરવામાં આવ્યો હતો. આ ચારેય કવિઓએ આ અંગેની પોતાની કૅફિયત રજૂ કરી હતી. ત્યારબાદ ભી.ન. વણકરે અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું અને પ્રથમ બેઠકની આભારવિધિ ડૉ. ભીખુ વેગડાએ કરી હતી. જયારે આ બેઠકનું સંચાલન મૂળજીભાઈ પરમારએ કર્યું હતું.

કવિ સંમેલનની દ્વિતીય બેઠક ડૉ. મોહન પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેનું સંચાલન નિલેશ કાથડે કર્યું હતું અને આભારવિધિ કનુ અસાલમીકરે કરી હતી. આ દલિત કવિ સંમેલનમાં કવિગણ કાન્તિ મકવાણા; બાબુભાઈ નાયક, જેસીંગ જાદવ, કિસન સોસા, હેતલ ચૌહાણ, વજુભાઈ પુરાણી, અરવિંદ માર્ડન, હિતેન્દ્ર હિતકર, રામ સોલંકી, છગન બાજઠ, મોહન ચાવડા, કનુ અસામલીકર, મૂળજીભાઈ પરમાર, ભરત વાળા, મહેશ જાદવ, ધીરજ વણકર, પુષ્પાબેન વાઢેર, સામંત સોલંકી, ધરમસિંહ પરમાર, નગીનચંદ્ર ડોડિયા, મહેન્દ્રવાળા, ભીખુ વેગડા, દાન વાઘેલા, શંકર પેન્ટર, યશવંત વાઘેલા, ભી.ન. વણકર, દલપત ચૌહાણ, નિલેશ કાથડ, સંજય ચૌહાણ વિગેરેએ દલિત વેદના, વ્યથા, ઉપેક્ષા, યાતનાઓ, અન્યાય અને અસત્ય સામેનો વિદ્રોહ અને સંઘર્ષ, માનવ ચેતનાને ઝંકૃત કરતી અને પરિતોષ પ્રતિશોધ અને પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ કરતાં કાવ્ય-ગઝલો રજૂ કરી, સૌની દાદ મેળવી હતી.

- muljibhaidadhi@gmail.com